ચોપાઇ- પોતે દયાળુ હતા ડભાણ, સુંદરવર શ્યામ સુજાણ ।
ત્યાંથી ચાલીયા અંતરજામી, આવ્યા બુધેજમાં બહુનામી ॥૧॥
હરિભક્ત તિયાં હઠિભાઈ, રહ્યા રાત્ય તિયાં સુખદાઈ ।
ત્યાંથી આવ્યા પછચ્મે મહારાજ, જીયાં ભક્ત ઓધવ જેરાજ ॥૨॥
રહી રાત્ય એક તેને ઘેર, ત્યાંથી વાલો આવ્યા છે ઝીંઝર ।
સંગે ભક્ત હતો મેર જેઠો, અતિવૃધ્ધ અંગે વળી દિઠો ॥૩॥
તેને પહેરાવ્યો સુંદર સ્વાંગ, જામો જરી ને સોનેરી પાગ ।
રહી રાત્ય ને ચાલ્યા દયાળુ, આવ્યા કુંડળમાંહિ કૃપાળુ ॥૪॥

મોટા ભક્ત મામૈયો ને રામ, તેને ઘેર રહ્યા જુગ જામ ।
ત્યાંથી સારંગપુર આવીયા, દિન ત્રણ સુધી તિયાં રહ્યા ॥૫॥
પછી આવ્યા નાગડકે નાથ, સર્વે સખા છે પોતાને સાથ ।
તિયાં ભક્ત સુરો સતસંગી, હરિભક્ત જક્તથી અસંગી ॥૬॥
તેને ઘેર ગિરિધર ગયા, દિન ચારસુધી તિયાં રહ્યા ।
અતિહેતે જમાડ્યા જીવન, પ્રભુ જનપર છે પ્રસન ॥૭॥
દેવા દર્શન જનમન ભાવ્યાં, સુંદર વસ્ત્ર શ્યામળે મગાવ્યાં ।
વાલે પહેર્યો સોનેરી સુવાગ, જેણે જોયા તેનાં મોટાં ભાગ્ય ॥૮॥
પછી ત્યાંથી શ્યામળો સધાવ્યા, પોતે નાથ પિપરડીયે આવ્યા ।
તિયાં ભક્ત પવિત્ર જે પીઠો, તેને ઘેર રહ્યા માવ મીઠો ॥૯॥
ત્યાંથી ચાલીયા સુંદરશ્યામ, ગયા ભક્ત માંતરાને ગામ ।
ત્યાંથી ભોંયરે ભોજન કીધું, ભક્ત નાજાને દર્શન દીધું ॥૧૦॥
પછી ત્યાંથી આવ્યા ગોખલાણે, જાગ્યાં ભાગ્ય ભક્ત જીવો જાણે ।
ત્યાંથી ચાલિયા પૂરણકામ, આવ્યા કૃપાળુ કરિયાણે ગામ ॥૧૧॥
તિયાં રહ્યા રાજી થઈ બહુ, આવ્યા દાસ દરશને સહુ ।
એમ કરતાં હુતાસની આવી, કરી લીળા લાલે મનભાવી ॥૧૨॥
તિયાં ઉડાડ્યો વાલે ગુલાલ, સર્વે સખા કર્યા રંગે લાલ ।
વળી કરે ધુન્ય તાલી વાજે, લોક લાજવાળા જોઈ લાજે ॥૧૩॥
કરી ઉત્સવ ને પછી માવ, આપ્યો અલૈયાને શિરપાવ ।
કહ્યું રાખજ્યો આવો જ વેશ, ફરી આવજ્યો વાળાક દેશ ॥૧૪॥
સખા સંગે લઈ દશ વિશ, કરજ્યો પ્રભુની વાતો હમેશ ।
એને એટલી આગન્યા કરી, પછી ત્યાંથી પધારીયા હરિ ॥૧૫॥
વસે કોટડે પ્રેમ પુતળી, તેને ઘેર ગયા વાલો વળી ।
ત્યાંથી પધાર્યા નડાલે ગામ, જીયાં ભક્ત ગંગેવ ને રામ ॥૧૬॥
તિયાં જમાડ્યા લખમણે રાજ, પછી બંધીયે ગયા મહારાજ ।
રાત્ય શેઠ જુઠા ઘેર રહ્યા, પછી ગોંડળથી વડે ગયા ॥૧૭॥
ત્યાંથી ભાદરે પ્રભુ પધાર્યા, દેઈ દર્શન મોદ વધાર્યા ।

પછી ત્યાંથી પિપળિયે આવ્યા, ઘણું માનબાઈ મન ભાવ્યા ॥૧૮॥
ત્યાંથી રણ ઉતરીયા રાજ, આવ્યા કચ્છદેશ મહારાજ ।
કરી કચ્છમાં કૃપા કૃપાળે, દીધાં દર્શન સહુને દયાળે ॥૧૯॥
વાગડ પાવર કચ્છ અબડાસે, કર્યાં હરિનાં દર્શન દાસે ।
કરી ભુજે ભીમએકાદશી, પછી પધારીયા વાંણે બેશી ॥૨૦॥
ઉતરી હરિ આવ્યા હાલાર, આપ્યાં દાસને સુખ અપાર ।
જેજે વાટમાં આવે છે ગામ, તિયાં વાલો કરે વિશરામ ॥૨૧॥
દિયે દર્શન પ્રસન્ન ઘણું, મન છે સોરઠ જાવાતણું ।
ત્યાંથી આવીયા ગઢ જીરણે, રહ્યા રાત્ય ન જાણિયા કેણે ॥૨૨॥
પછી ત્યાંથી ચાલ્યા અલબેલો, આવ્યા અગત્રાઈ છેલ છબીલો ।
રહ્યા દિન દશ તિયાં શ્યામ, પછી આવીયા પંચાળે ગામ ॥૨૩॥
ભક્ત શિરોમણિ ઝીણોભાઈ, તિયાં રહ્યા શ્યામ સુખદાઈ ।
સર્વે જનને દર્શન દીધાં, કરી કૃપા કૃતારથ કીધાં ॥૨૪॥
પછી ત્યાંથી પધારિયા હરિ, આવ્યા માણાવદ્ર મહેર કરી ।
જીયાં ભક્ત વસે મયારામ, ગોવિંદ ભાણો આંબો વાઘો નામ ॥૨૫॥
વળી વસતા આદિ જે જન, તેને નાથે દિધાં દરશન ।
પછી ત્યાંથકી આવીયા શ્યામ, દેતા દરશન ગામોગામ ॥૨૬॥
આવ્યા કરિયાણે પોતે કૃપાળુ, દેવા દર્શન સહુને દયાળુ ।
તિયાં આવીયા છે સંતદાસ, મહામુક્ત અંતરે પ્રકાશ ॥૨૭॥
સદેહે જાય હિમાલાપાર, પોતે ગયા આવ્યા દોયવાર ।
આપ ઇચ્છાએ આવે ને જાય, બીજા કોઈ થકી ન જવાય ॥૨૮॥
તેની ખબર પૂછી અવિનાશે, સર્વે કહી છે તે સંતદાસે ।
કહે નાથ સુણો સંતદાસ, રહો સતસંગમાં કરી વાસ ॥૨૯॥
એમ કહીને સમશ્યા કિધી, સંતે વાટ હિમાળાની લીધી ।
પછી તેડાવિયા સર્વે સંત, દેવા દાસને સુખ અત્યંત ॥૩૦॥
મેલ્યા રાજા ભગતને રાજે, કહેજ્યો આવે સહુ દર્શન કાજે ।
આવ્યા સંત તે સરવે મળી, હતી દેશોદેશ જે મંડળી ॥૩૧॥

સર્વે આવીયા પ્રભુજી પાસ, આવી નિરખિયા અવિનાશ ।
સામા આવીને મળીયા શ્યામ, પુરી સંતના હૈયાની હામ ॥૩૨॥
પછી બેઠા સંત ને શ્રીહરિ, તેને પૂછ્યું વાલે પ્રેમે કરી ।
સંત સુખિયા છો તમે સહુ, હમણાં દુબળા દિસો છો બહુ ॥૩૩॥
કાંઈક અધિકું જમજયો અન્ન, સુખે થાય પ્રભુનું ભજન ।
એમ કહ્યું છે દયા કરીને, પણ ત્યાગ વાલો છે હરિને ॥૩૪॥
પછી જનને જમાડ્યા નાથે, પ્રેમે પિરસ્યું પોતાને હાથે ।
જે પ્રસાદીને ઈચ્છે છે અજ, તોય મળતી નથી એક રજ ॥૩૫॥
જે પ્રસાદી સારુ શિવ આપ, સહ્યો પારવતિજીનો શાપ ।
તે પ્રસાદી પામી સહુ સંતે, દિધી ભાવેકરી ભગવંતે ॥૩૬॥
અતિઅઢળ ઢળ્યા અવિનાશી, શ્યામસુંદરવર સુખરાશી ।
વળી નાવા જાય જ્યારે નાથ, ત્યારે સંત લિયે સહુ સાથ ॥૩૭॥
તિયાં ફેરવે અશ્વને હરિ, જુવે જન સહુ દ્રગ ભરી ।
જુવે જનને જીવન પ્રાણ, દેખી વેષને કરે વખાણ ॥૩૮॥
કહે સહુતણુ તેજ વળી, આવ્યું આ સંતમાં સર્વે મળી ।
એમ કહી રાજી બહુ થીયા, પછી નાથ ઉતારે આવીયા ॥૩૯॥
એમ કરતાં લીળા નિત્ય નવી, પછી જન્માષ્ટમી તે આવી ।
કર્યો ઉત્સવ અતિ આનંદે, સુખ લીધું સહુ જનવૃંદે ॥૪૦॥
ગામોગામથી આવ્યા હતા દાસ, તેણે નિરખિયા અવિનાશ ।
તિયાં મેઘ ઝરે ઝરમરીયા, રમે અલબેલો આનંદ ભરિયા ॥૪૧॥
જોઈ જન થયા છે મગન, એમ વિત્યો અષ્ટમીનો દન ।
એવી લીળા અલબેલે કરી, પછી ત્યાંથી પધારીયા હરિ ॥૪૨॥
આવ્યા સુખપુરે સુખસિંધુ, દિનદયાળ દિનના બંધુ ।
રહ્યા પોતે તિયાં દિન ચાર, આપ્યાં સંતને સુખ અપાર ॥૪૩॥
ત્યાંથી આવ્યા સારંગપુરે નાથ, સખા સંત સહુ પોતા સાથ ।
દિયે દર્શન પ્રસન્ન હોઈ, થાય મગન જન મુખ જોઈ ॥૪૪॥
વળી મર્મે બોલે મરમાળો, જાણે જનની છેલ છોગાળો ।

મર્મે ભરી હરિ કરી હાસ, આપ્યો બાપુભાઈને સંન્યાસ ॥૪૫॥
જેને જેમ થાય છે સમાસ, તેને તેમ કરે અવિનાશ ।
માટે જાણવા અંતરજામી, પછી સંત પ્રત્યે બોલ્યા સ્વામી ॥૪૬॥
સંતો જાઓ હવે સહુ મળી, ફરો દેશોદેશમાં મંડળી ।
જેને ભણવું હોય તે ભણજ્યો, સહુ નિયમમાં કુશળ રહેજ્યો ॥૪૭॥
જે જે થાય નિયમમાંથી બારું, એતો નથી ગમતું અમારું ।
ત્યારે સંત કહે સત્ય સ્વામી, એમ કહી ચાલ્યા શિશ નામી ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
અષ્ટમી ઉત્સવ એ નામે બાસઠ્યમું પ્રકરણમ્ ॥૬૨॥